**<u>પાટણના મે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાટણ</u>**

**ફોજદારી કેસ નં. ૭૦૫/૨૦૨૪**
**આંક– ૬**

**ગુન્હો :– <u>ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એએ મુજબ</u>**

**– : ચુકાદો : –**

(૧) આ કામના આરોપી વિરૂધ્ધના ગુનાની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટના કોલમ નં. ૫ માં જણાવ્યા મુજબ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એએ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. તપાસ કરનાર અધિકારીએ આ ગુનાની તપાસ કરી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપી સામે તહોમતનામુ ફરમાવી, ગુના સબબ પ્લી નોંધેલ ત્યારબાદ આરોપી પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરી કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઈએ તેમ આ અદાલતનુ માનવુ છે.

(૪) આ તબકકે કેસના સંજોગો જોતા દારુનો જથ્થો ઓછા પ્રમાણમાં હોય આ સંજોગોમાં હાલના કામમાં ગુનાની ગંભીરતા અને આરોપીની સ્થિતી તથા સંજોગો ધ્યાને લેતા હાલના આરોપીને કાયદામાં જોગવાઈ કરવામાં આવેલ તેના કરતા ઓછી સજા કરવી જોઈએ અને સુધરવાની તક આપવી જોઈએ એવુ આ અદાલતનુ સ્પષ્ટ માનવુ છે. કાયદાનો ઉદ્દેશ માત્ર સજા કરવાનો નહી પરંતુ તે વ્યકિતને સમાજમાં સુસ્થાપીત કરવાનો તથા આરોપીને સુધરવાની તક આપવી તેવો પણ છે. આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા આરોપીને નિયત કરવામાં આવેલ સજા તથા દંડ કરતા ઓછી સજા અને ઓછો દંડ થવો જોઈએ તેવુ આ અદાલતનુ માનવુ છે.

(૫) આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા તથા આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ સજાની જોગવાઈ, સંજોગો ધ્યાને લેતા તેમજ આરોપી પક્ષે કરવામાં આવેલ રજુઆતોને લક્ષમાં લેતા આરોપી ગરીબ વર્ગના માણસ હોય, કુટુંબના ગુજરાનની જવાબદારી આરોપી ઉપર હોય, ગુના બદલ આરોપી પસ્તાવો વ્યકત કરતા હોય અને ભવિષ્યમાં આવો બીજો કોઈ ગુનો નહી કરે તેની તકેદારી રાખવાનુ જણાવતા હોય તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાન નં ૭૦૯ , સ્ટેટ ઓફ ગુજરાત વી. નટવરચંદ હરચંદજી ઠાકોર તેમજ (૨૦૧૫) ૩૮ જી.એચ.જે. પાન નં

૩૫૪, સ્ટેટ ઓફ ગુજરાત વી. રાજેશકુમાર રતનલાલ સીંધી અને બીજાઓ ચુકાદામા ઠરાવેલુ છે આ સંજોગોને લક્ષ્યમા રાખતા આરોપી ને કઠોર સજા ન કરતા હળવી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમ જણાતા ન્યાયના વીશાળ હીતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : <u>આ ખ રી હુ ક મ</u> : –**

હાલના આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એએ મુજબના ગુનામાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૧ મુજબ તકસીરવાન ઠરાવી, કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે તેમજ આરોપીને **રૂપીયા ૨૦૦/– (અંકે રૂપીયા બસો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૦૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામના મુદ્દામાલનો અપીલ પીરીયડ વીત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૯ મી માહે માર્ચ સને ૨૦૨૪ ના રોજ સ્પેશ્યલ સીટીંગમા ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

**સ્થળ : પાટણ**
**તા. ૦૯/૦૩/૨૦૨૪**
**(સ્પેશ્યલ સીટીંગ)**

**(ડો. હિરલ પી. જોષી )**
**જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ**
**પાટણ.**
**(કોડ નં. જીજે૦૧૪૫૩)**